


**E-ISSN:** 2706-8927
**P-ISSN:** 2706-8919
www.allstudyjournal.com
IJAAS 2023; 5(12): 48-50
Received: 18-10-2023
Accepted: 23-11-2023

**ડૉ. અભિલાષા એમ. પંડયા**
મદદનીશ પ્રાધ્યાપક, માધવ વિશ્વવિદ્યાલય, આબુરોડ, રાજસ્થાન, ભારત

**Corresponding Author:**
**ડૉ. અભિલાષા એમ. પંડયા**
મદદનીશ પ્રાધ્યાપક, માધવ વિશ્વવિદ્યાલય, આબુરોડ, રાજસ્થાન, ભારત

# સ્ત્રી સશક્તિકરણ : શિક્ષણની ભૂમિકા

## ડૉ. અભિલાષા એમ. પંડયા

**DOI:** https://doi.org/10.33545/27068919.2023.v5.i12a.1093

**અમૂર્ત**
આ લેખ દ્વારા આપણે એ જાણી શકીશું કે શિક્ષણ શું છે અને એક સ્ત્રીના જીવનમાં કેટ કેટલી મુશ્કેલીઓ આવે છે પરંતુ, જો સ્ત્રી શિક્ષણ પામેલી હોઇ તો તે આ દરેક પરિસ્થિતિઓ ણો સામનો સારી રીતે કરી શકે છે અને જીવનમાં આવતા દરેક ઉતર ચઢાવને આસાનીથી પાર કરી શકે છે. તો સ્ત્રીના સશક્તિકરણ માં શિક્ષણનું કેટલું મહત્વ છે તે આપણે આ લેખ દ્વારા જાણી શકીશું.

**મુખ્ય શબ્દો:** શિક્ષણ, સ્ત્રી સશ્ક્તીકરણ

## પરિચય
આપણે આપણી જાતને ક્યારેય પૂછ્યું છે કે શિક્ષણ શું છે? અપના જીવનમાં શિક્ષણનું શું મહત્વ છે? શિક્ષણનો મતલબ શું છે? શું તે દરેકનો મૂળભૂત અધિકાર છે? આ પ્રશ્નો હજુ પણ અર્થપૂર્ણ છે અને જાતીવાદી નથી. એટલે આપણે પૂછી શકીએ કે મહિલાઓ માટે શિક્ષણ કેમ મહત્વનું છે?

## શિક્ષણ શું છે?
શિક્ષણ માણસ અને અન્ય જીવો વચ્ચે અલગતાની એક વિશિષ્ટ રેખા બનાવે છે, જે માણસને પૃથ્વી પરનું સૌથી હોશિયાર પ્રાણીબનાવે છે. તે આપણને જીવનના પડકારોનો વધુ કાર્યક્ષમતાથી સામનો કરવા માટે સશક્ત અને તૈયાર કરે છે. વધુમાં, શિક્ષણ વ્યક્તિના કૌશલ્યો, ક્ષમતાઓ, જ્ઞાન, વલણ અને વ્યક્તિત્વમાં સુધારો કરે છે.

શિક્ષણ એ વ્યક્તિની પરિવર્તનશીલ સફર છે. તે સિદ્ધિઓ, સંઘર્ષ, સફળતા, નિષ્ફળતા, મહત્વ અને પ્રયત્નો સાથેની યાત્રા છે. શિક્ષણની શરૂઆત ઘરેથી થાય છે, માતા-પિતાથી થાય છે અને મૃત્યુ સુધી જીવનભરની યાત્રા ચાલુ રહે છે તે શિક્ષણ દ્વારા છે અને શિક્ષણથી જ વ્યક્તિનું જીવન ગુણવત્તાયુક્ત થાય છે.

## મહિલાઓ ની સમસ્યાઓ
હવે આપણે મૂળ વાત પર આવીએ કે મહિલાઓ માટે શિક્ષણ કેમ મહત્વનું છે તો તેના માટે ઘણીબધી વાતો છે. આપણોદેશ આઝાદ તો ક્યારનો થઇ ગયો છે પણ શું આપના દેશની સ્ત્રીઓ આઝાદ થઇ? શું આપણા સમાજમાં સ્ત્રીઓને પણ એટલી જ સ્વતંત્રતા આપવામાં આવે છે જેટલી એક પુરુષને આપવામાં આવે છે ?

તો જવાબ મળશે ના. એવું પણ નથી કે બધી સ્ત્રીઓન સ્વતંત્ર નથી હા, અમુક લોકો પોતાના ઘરની દીકરી કે વહુને સ્વતંત્રતા આપે છે અને એમને પુરતું શિક્ષણ અને નોકરી કરવાની છૂટ પણ આપે છે. અને ઘરમાં પણ તેઓને બધી વસ્તુમાં સમાન અધિકાર આપવામાં આવે છે. પરંતુ આ બધી જગ્યાએ નથી.

આપણે જોઈએ છીએ કે આપણા સમાજમાં સ્ત્રીને હમેશા દુર્બળ અથવા અબળા તરીકે દર્શાવવામાં આવે છે. દીકરા દીકરીમાં અસામનતા અને ભેદભાવ ઘરમાંથી જ શરુ થાય છે. ઘરમાં દીકરાને શાળાએ મોકલે છે અને દીકરીને કહેવામાં આવે છે કે તું છોકરી છે તારે ભણીને નોકરી નથી કરવાની તારે હંમેશા ઘરનું કામ જ કરવાનું છે તું ભણીને શું કરીશ. દીકરીને હંમેશા કહેવામાં આવે કે તું પારકીથાપણ છે. જયારે માતા-પિતા જ દીકરી સાથે આવું કરે તો દીકરો પણ પોતાની બહેન માટે હંમેશા આવું જ વિચારે છે, અને દીકરા દીકરી વચ્ચે અસામનતા અને ભેદભાવ ના બીજ રોપાય છે. પછી આગળ જઈએ અ દીકરો પોતાની વહુ અને દીકરી સાથે પણ આમ જ વર્તે છે અને પેઢી દર પેઢી આ વસ્તુ ચાલી આવે છે. આપણા સમાજમાં મોટા ભાગના દરેક ઘરોમાં નિર્ણયો હંમેશા પુરુષો જ લેતા હોઈ છે ઘરની સ્ત્રીઓ ને ક્યારેય પૂછવામાં નથી આવતું. નાની ઉંમર માં દીકરીના લગ્ન કરી દેવામાં આવે છે. દીકરી લગ્ન કરીને જાય એટલે એને એમ કહેવામાં આવે છે કે હવે સાસરું જ તારું ઘર છે. સાસરે દીકરી સુખી છે કે દુખી એ વાત કોઈ મહત્વ ધરાવતી નથી.

સ્ત્રીઓ ને લગ્ન પછી સાસરીવાળા જેમ રાખે તેમ જ રહેવાનું અને તેણે પોતાના દરેક શોખ મારી નાખવાના. ઘણા સમાજ માં હજી પણ સ્ત્રીઓ લાજ કાઢીને ઘરમાં રહે છે અને તેમને બોલવા પર પણ પ્રતિબંધ હોઈ છે. નાની ઉંમરમાં સ્ત્રી માતા બની જાય છે જે ઉંમરમાં એને ભણવાનું હોઈ તે ઉંમરમાં એના ઉપર બાળક અને ઘરની તમામ જવાબદારી નાખી દેવામાં આવે છે. જો સાસરીવાળા કહે તેમ ના રહે તો તેના ઉપર શારીરિક કે માનસિક ત્રાસ ગુજારવામાં આવે અને પછી છુટાછેડા ની નોબત આવી જાય. અને છુટ્ટાછેડા લીધા પછી પણ આપણો સમાજ એ સ્ત્રી ને સરખી રીતે જીવવા નથી દેતો અને નિરક્ષરતાના કારણેએ દીકરીને નોકરી પણ ના મળે અને પારકા ઘરના કામ કરીને પોતાનું ગુજરાન ચલાવવું પડે. ખેતીવાડીનું કામ સ્ત્રીઓ કરે ઘરમાં પશુ હોઇ તો એમનું કામ પણ સ્ત્રીઓએ કરવાનું પણ એમાંથી જે આવક ઉભી થાય એના પર સ્ત્રીઓનો કોઈ અધિકાર નય. પોતાના માટે જયારે તેણે કંઈપણ ખરીદવું હોઈ ત્યારે તેણે આર્થીક રીતે પોતાના પતિ પર નભવું પડે છે. અશિક્ષિત સ્ત્રીઓને સમાજમાં માન પણ આપવામાં નથી આવતું અને અશિક્ષિત સ્ત્રીઓ પોતાના ઘરમાં સ્વચ્છતા નથી જાળવતી કેમકે તેઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવ્યું નથી હોતુ અને તેઓનું ઘર અનેક રોગો નું ઘર બને છે.શિક્ષણ ના અભાવના કારણે તેઓને અસ્વચ્છતાથી થતા રોગો વિશે કઈ માહિતી હોતી નથી. સંશોધનો કહે છે કે અશિક્ષિત સગર્ભાઓ માં મૃત્યુદર વધારે હોઈ છે. નિરક્ષર સ્ત્રીને ઘણીવાર પોતાનો પતિ તેના મિત્ર વર્તુળમાં પરિચય પણ નથી આપતો.

ઘણા ખેડૂત સંમેલનમાં સ્ત્રીઓ આવે છે અને જો તેઓને પુછવામાં આવે કે તમે ખેતીમાં કયું બિયારણ વાપરો છો કે કઈ દવાનો છંટકાવ કરો છો તો તે લોકો કહે છે કે એતો અમારા પતિ જ નક્કી કરે છે તેઓને ખબર હોઈ અમને ખબર ના હોઇ.આપણે જાણીએ છીએ કે ખેતરમાં છાંટવામાં આવતી દવાઓ કેટલી ઝેરી હોઈ છે. ભણતર ના અભાવના કારણે સ્ત્રીઓ વાંચી પણ નથી શકતી કે દવાઓ કેટલી ઝેરી છે. ગામમાં સરપંચ સ્ત્રી હોઈ પણ સરપંચનું કામ તેનો પતિ સંભાળતો હોઈ છે. સરપંચ બનેલી સ્ત્રીને ખબર પણ નથી હોતી કે સરપંચ તરીકે એમની શું ફરજો હોઈ છે. આપણા દેશમાં લાખો સ્ત્રીઓ એવી હશે કે જેમનું બેંક માં ખાતું પણ નહિ હોઈ. હજી તો કઈકેટલુય છે જે રજુ કરે છે કે સ્ત્રીઓ ઉપર કેટલા બધા અન્યાય થાય છે.

## શિક્ષણ નું મહત્વ

તો આ બધા પ્રશ્નોનું નિવારણ લાવવું હોઈ તો શિક્ષણ એ અનિવાર્ય છે શિક્ષણ કારકિર્દીની વિવિધ તકો આપે છે જે વ્યક્તિના જીવનની ગુણવત્તામાં વધારો કરે છે શિક્ષણ દ્વારા વ્યક્તિ શાક્ષર બને છે. આપણી સામે સમાજમાં ઘણા એવા દ્રષ્ટાંતો છે કે શિક્ષિત સ્ત્રીઓએ દેશનું નામ ઉજળું કર્યું છે. જો સ્ત્રી શિક્ષિત હશે તો તે તેના જીવનના ઘણા બધા પ્રશ્નોનું નિવારણ લાવી શકશે. શિક્ષિત સ્ત્રી પોતાના ઘરને સ્વચ્છ રાખશે, અને પોતાના બાળકોનું પાલન પણ સારી રીતે કરી શકશે. પોતાના ઘરનાં સારા માટે નિર્ણયો પણ લય શકશે. જો સ્ત્રી શિક્ષિત હશે તો પોતાના હક માટે પણ લડી શકશે અને જયારે તેના પર કોઈ અત્યાચાર થાય ત્યારે તે પોતાના માટે લડી શકશે. અને પોતાના પતિ દ્વારા ત્યજી દેવાયેલ સ્ત્રી પોતાનું ભરણપોષણ કરી શકશે તેના માટે તેણે કોઇના પર નિર્ભર રહેવાની જરૂર નય પડે. એક શિક્ષિત સ્ત્રી આર્થીક રીતે પણ પોતાના પતિને મદદ કરી શકશે અને બંને મળીને પોતાનું ઘર સારી રીતે ચલાવી શકશે.

શિક્ષણ મેળવીને સ્ત્રી જ્ઞાની અને વધારે સમજણ વાળી બનશે અને આ જ્ઞાન અને સમજણનો ઉપયોગ

કરીને તે વધારે સારા નિર્ણયો લઇ શકશે અને તેની સફળતાના દરમાં વધારો થશે. શિક્ષણ એ વ્યક્તિને ઉન્નત જીવનશૈલી પ્રદાન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષિત સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓની સરખામણીમાં તેમના બાળકોનું ૫૦ ટકા વધુ રક્ષણ કરવાની ક્ષમતા ધરાવે છે. ભારતમાં સ્ત્રી શિક્ષણ સામાજિક તેમજ આર્થીક વિકાસ માટે ખુબ જ જરૂરી છે. શિક્ષિત સ્ત્રી બે ઘરને શિક્ષિત કરે છે. શિક્ષિત સ્ત્રી પોતાની પછીની પેઢીને પણ શિક્ષિત કરે છે. શિક્ષણ સ્ત્રીને સ્વતંત્ર બનાવશે અને તેના આત્મવિશ્વાસમાં વધારો કરશે. શિક્ષણ દ્વારા આપણી કુશળતામાં વધારો થાય છે અને આપણે આપણી જાતને સક્ષમ કરી શકીએ છીએ કે જેથી આપણે આપણો જીવનનિર્વાહ સારી રીતે કરી શકીએ, અને જો સ્ત્રી પોતાના પગભર થશે તો તે તેના પરિવાર ઉપર નિર્ભર નય રહે. અને અંતે એટલું કહીશ કે આપણા દેશની વસ્તી માં ૫૦ ટકા સ્ત્રીઓ છે અને જો તે જ અશિક્ષિત રહી જશે તો આપણો દેશ પ્રગતિ નય કરી શકે અને તે મોટી સમસ્યા બનશે. તેથી, આપણા દેશના વિકાસ માટે સ્ત્રીઓ ને શિક્ષણ આપવું ખુબ જરૂરી છે. આપણો દેશ ખરા અર્થમાં ત્યારે જ આઝાદ થશે જયારે આપણા દેશનો દરેક નાગરિક સ્વતંત્ર હશે.

## સંદર્ભ

1. https://www.educationalbaba.org/mahila-sashktikaran-nibandh-in-gujarati/
2. https://yourstory.com/mystory/why-is-education-important-for-women-fiqb8hi1ie